# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 31-05-2024 Midday : 1.20 to 1.30
Day : FRIDAY National News

## આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

**************************************************

- ✓ લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 57 બેઠકો માટે આવતીકાલે મતદાન, ચૂંટણી પંચે તૈયારીઓને આપ્યો આખરી ઓપ
- ✓ હિટવેવને કારણે બિહારમાં 29 અને ઓડિશામાં 14ના મૃત્યુ, ઉત્તર-મધ્ય ભાગોમાં ફરી વધશે ગરમી, તો કેરળ તેમજ પૂર્વીય રાજ્યોમાં ભારે વરસાદની આગાહી...
- ✓ યૌન શોષણ કેસમાં કર્ણાટકના પૂર્વ સાંસદ પ્રજ્વલ રેવન્નાની SIT દ્વારા પૂછપરછ...
- ✓ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હશ મની કેસમાં 34 આરોપોમાં દોષિત કરાર, 11 જુલાઈના રોજ સજાની સુનાવણી થશે
- ✓ ભારતીય બૉક્સર અંકૂસિતા બોરોએ થાઇલેન્ડમાં યોજાયેલી વિશ્વ ઑલિમ્પિક બૉક્સિંગના ક્વૉલિફાયર રાઉન્ડમાં 60 કિલોગ્રામ વજન શ્રેણીમાં ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV. LS ELECTION- SEVENTH PHASE

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે આવતીકાલે મતદાન થશે. આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 57 બેઠકો માટે 904 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આ સાથે આવતીકાલે ઓડિશા વિધાનસભાની ચૂંટણી પણ યોજાશે.

આ તબક્કામાં 13 ઉત્તર પ્રદેશ અને પંજાબની 13-13, પશ્ચિમ બંગાળની 9, બિહારની 8, ઓડિશાની 6, હિમાચલ પ્રદેશની 4, ઝારખંડની 3, અને કેન્દ્ર શાસિત પ્રદેશ ચંદીગઢની એક બેઠક માટે મતદાન થશે.

આ તબક્કામાં જે દિગ્ગજોના ભાવીને ફેંસલો થશે તેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર, કોંગ્રેસના નેતા વિક્રમાદિત્ય સિંહ, તૃણમૂલ કોંગ્રેસના નેતા અભિષેક બેનર્જીના સામેલ છે.

આ ક્ષેત્રોમાં યોગ્ય અને પારદર્શી રીતે મતદાન સુનિશ્ચિત કરવા ચૂંટણી પંચે વ્યાપક વ્યવસ્થા કરી છે. મતદાન કેન્દ્રો પર શેડ, પાણી, રૅમ્પ, વ્હીલચેર તેમજ ઠંડા પીણા સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીઓ, જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને વહીવટીતંત્રને ગરમીને જોતા યોગ્ય પગલાં લેવા માટે કહેવાયું છે.

. . . . . . . . . . . . . . . . . .

## IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે દસ જેટલા રાજ્યોમાં ગરમીનું મોજું ફરી વળવાની શક્યતા વ્યક્ત કરી છે. બિહાર, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, દિલ્હી,

ઉત્તર પ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન, મધ્ય પ્રદેશ, તેમજ ઓડિશાના કેટલાક ભાગોમાં યલો અલર્ટ જાહેર કરાયું છે.

બીજી તરફ ઉત્તર પૂર્વીય રાજ્યોમાં ભારે વરસાદની શક્યતા છે. આજે અને આવતીકાલે અરૂણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, મણિપુર તેમજ પશ્ચિમ બંગાળના તટિય વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે.

નૈઋત્ય ચોમાસુ હાલ કેરળ અને ઉત્તર પૂર્વના ભાગો તરફ આગળ વધી રહ્યું છે. જેને કારણે કેરળમાં ચોથી જૂન સુધી ભારે વરસાદની આગાહી છે. ઉપરાંત આંદમાન નિકોબાર ટાપુ, તમિલનાડુ તેમજ કર્ણાટકમાં આગામી ત્રણથી ચાર દિવસમાં ભારે વરસાદ વરસી શકે છે.

. . . . . . . . . . . . . . . . .

# MANIPUR FLOOD

મણીપુરમાં પૂરને પગલે જનજીવન ઠપ્પ થયું છે. ઇમ્ફાલ શહેરમાં સૌથી વધારે અસર થઈ છે. પૂરને પગલે ત્રણના મોત થયાં છે, જ્યારે એક વ્યક્તિ લાપતા હોવાના અહેવાલ છે.

શહેરને જોડતા મોટા ભાગના રસ્તાઓ ઉપર પાણી ભરાયા છે. મણીપુર પોલીસ, સેના અને અસમ રાઇફલ્સ ઉપરાંત રાષ્ટ્ર અને રાજ્ય આપત્તિ નિવારણ દળની ટીમો બચાવ કામગીરીમાં કરી રહી છે. અંદાજે ૪૦૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડાયા છે. જિલ્લામાં ત્રણ હંગામી શિબિરો શરૂ કરાયા છે, અને અંદાજે એક લાખ ૪૦ હજાર લોકોને અસર થઇ છે.

. . . . . . . . . . . . . . . . .

## BIHAR-HEAT-STROKE-DEATH

બિહારમાં છેલ્લા ચોવીસ કલાકમાં હિટવેવને કારણે 29 લોકોના મૃત્યુ થયાના અહેવાલ છે, જ્યારે 200થી વધુ લોકો સારવાર હેઠળ છે. એકલા ઔરંગાબાદમાં 12 લોકોના મૃત્યુ થયા છે, જ્યાં મહત્તમ તાપમાન 48 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ભોજપુર જિલ્લામાં છ જ્યારે રોહતાસ અને જહાનાબાદમાં ચારના મોત થયાના અહેવાલ છે.

. . . . . . . . . . . . . . . . .

## ODISHA HEATWAVE

ઓડિશામાં હિટવેવને કારણે 14 લોકોના મૃત્યુ થયાના અહેવાલ છે. જિલ્લાની રુરકેલા સરકારી હૉસ્પિટલમાં એક દિવસમાં 10 લોકોના મૃત્યુન નોંધાયા છે. જેમાંથી 8 લોકોને હોસ્પિટલ લવાયા ત્યારે જ મૃત ઘોષિત કરાયા હતા. જ્યારે કે અન્યનું સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે કે અન્ય એક સરકારી હૉસ્પિટલમાં વધુ 4ના મોત નોંધાયા હતા.

હવામાન વિભાગે રાજ્યમાં આગામી ત્રણ દિવસ માટે હિટવેવની શક્યતા વ્યક્ત કરી છે.

. . . . . . . . . . . . . . . . .

## PRAJWAL REVANNA _UPDATED

યૌન શોષણ કેસમાં આરોપી કર્ણાટકના પૂર્વ સાંસદ પ્રજવલ્લ રેવન્નાની આજે વહેલી સવારે બેંગલુરુ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકેથી ધરપકડ કરાઈ હતી. સીટની તપાસ ટીમ દ્વારા તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે, જે બાદ તેમને કોર્ટમાં રજૂ કરાશે. તેમના આગોતરા જામીન અરજી વિશે પણ આજે કોર્ટમાં સુનાવણી થવાની છે.

પ્રજ્વલ રેવન્ના સામે તેમના ઘરમાં કામ કરતી મહિલાનું યૌન શોષણ કરવાનો તેમજ ધમકાવવાનો આરોપ છે. ઘટનાનો એક વીડિયો વાઇરલ થયા બાદ સમગ્ર મામલો બહાર આવ્યો હતો, 26 એપ્રિલના રોજ તેઓ દેશ છોડીને જતા રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . .

## DELHI-COURT

દિલ્હીની એક અદાલતે બેબી કેર ન્યુ બોર્ન હોસ્પિટલના માલિક અને એક સહ-આરોપીને 14 દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યા છે. દિલ્લીની બેબી કેર ન્યુ બોર્ન હોસ્પિટલમાં તાજેતરમાં જ બનેલા આગના બનાવમાં સાત બાળકો માર્યા ગયા હતા.

ખાનગી હોસ્પિટલમાં સર્જાયેલી દુર્ઘટનાના પગલે હોસ્પિટલના માલિક ડૉ. નવીન ખીચી તથા તે સમયે ફરજ પર રહેલા કર્મચારી સહિતની ધરપકડ કરવામાં આવી હતી. કર્મચારીને પણ તે જ સમયગાળા માટે ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. આ દરમિયાન નવીન ખીચીએ જામીન અરજી દાખલ કરી છે જેની સુનાવણી 3જી જૂને થશે.

દરમિયાન પોલીસ તપાસમાં દિલ્હી સરકારના આરોગ્ય વિભાગ દ્વારા હોસ્પિટલને આપવામાં આવેલુ લાઇસન્સ 31મી માર્ચે સમાપ્ત થઈ ગયું હોવાનું

તથા હોસ્પિટલોના ડોકટરો નવજાત શિશુઓની સારવાર માટે લાયકાત ધરાવતા ન હોવાનું જણાયું હતું.

. . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

...............................................

## Amit Shah Tirupati and Somnath

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે તેમનાં પરિવારજનો સાથે તિરુમાલા મંદિરમાં પૂજા-અર્ચના કરી હતી.

શ્રી શાહને રંગનાયકુલા મંડપમમાં વૈદિક વિદ્વાનો દ્વારા વેદશિર્વચનમ પણ પ્રદાન કરવામાં આવ્યા. ટ્રસ્ટના અધિકારીઓએ તેમને પ્રસાદ અર્પણ કર્યો હતો અને સન્માન કર્યું હતું.

દરમિયાન, એક અન્ય અહેવાલ પ્રમાણે શ્રી શાહ આજે સોમનાથ મહાદેવના દર્શન માટે ગુજરાત આવી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . .

# TRUMP CONVICTED

ન્યૂયૉર્કની એક અદાલતે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને 'હશ મની' મામલે દોષિત જાહેર કર્યા છે.

રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલાં પોર્ન સ્ટાર સ્ટૉર્મી ડેનિયલ્સને ચૂપ રહેવા માટે પૈસા આપવા બદલ, એ વાત છુપાવવા તેમજ કારોબારી રેકૉર્ડમાં હેરાફેરી સહિતના તમામ 34 આરોપોમાં તેમને દોષિત જાહેર કરાયા છે. અદાલત આ કેસમાં 11 જુલાઈના રોજ સજા સંભળાવશે. ડોનાલ્ડ઼ ટ્રમ્પે આ ચુકાદાને શરમજનક અને ધાંધલીભર્યો ગણાવ્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ જૉ બાઇડનની પ્રચાર ટીમે આ નિર્ણયને યોગ્ય ગણાવતા કહ્યું છે કે, કોઈ પણ વ્યક્તિ કાયદાથી ઉપર નથી. કોઈ વર્તમાન અથવા તો પૂર્વ રાષ્ટ્રપતિ સામે ગુનાઇત મામલામાં કેસ ચાલ્યો હોય અને તેમને દોષિત જાહેર કરવામાં આવ્યા હોય તેવું અમેરિકાના ઇતિહાસમાં આ પ્રથમવાર બન્યું છે. ચૂકાદા સામે ટ્રમ્પ અપીલ કરે તેવી સંભાવના છે.

. . . . . . . . . . . . . . . . . .

# US-WEAPONS Ukrain

અમેરિકાએ યુક્રેનને તેણે આપેલાં શસ્ત્રો દ્વારા રશિયાની અંદરનાં કેટલાંક વિસ્તારો પર હૂમલો કરવાની મંજૂરી આપી છે. માધ્યમોનાં અહેવાલ પ્રમાણે બાઇડેન વહીવટીતંત્રએ યુક્રેનનાં પૂર્વ ખારકિવ પ્રાંત સાથેની રશિયન સરહદ

પાસેનાં સ્થળો માટે હૂમલાનો સામનો કરવા માટે જ તેણે આપેલાં શસ્ત્રોનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે.

અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ખારકિવ વિસ્તારમાં આક્રમણ બાદ રશિયાની મજબૂત સ્થિતિને પગલે યુધ્ધમાં નબળાં પડેલાં યુક્રેનને મદદ કરવાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, રશિયાની અંદર લાંબી રેન્જનાં હૂમલા અંગે અમેરિકાની નીતિમાં કોઇ ફેરફાર નથી કરવામાં આવ્યો.

. . . . . . . . . . . . . . . . . .

## SRI-LANKA-RUSSIA

શ્રીલંકાએ રશિયાને આગ્રહ કર્યો છે કે તે યુક્રેન વિરુદ્ધની લશ્કરી કાર્યવાહીમાં ભાડાના સૈનિકો તરીકે શ્રીલંકાના નિવૃત્ત સૈનિકોને મોકલવાનું બંધ કરે.

શ્રીલંકાના વિદેશ મંત્રીએ એક નિવેદનમાં કહ્યું કે રશિયન નેતાઓ અને શ્રીલંકાના સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓ વચ્ચે થયેલી એક બેઠકમાં સત્તાવાર રીતે આ બાબતે અપીલ કરાઈ હતી. તેમણે કહ્યું કે રશિયા માટે લડનારા શ્રીલંકાના લોકો બાબતે અત્યાર સુધીમાં 455 જેટલી ફરિયાદો મળી છે. તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં 16 જવાનો ગૂમ થયાના, જ્યારે કે 37 ઘાયલ થયાના અહેવાલ છે.

. . . . . . . . . . . . . . . . . .

## BOXING

થાઇલેન્ડના બેંગકોકમાં યોજાયેલી વિશ્વ ઑલિમ્પિક બોક્સિંગ ક્વૉલિફાયરમાં 60 કિલોગ્રામ વજન શ્રેણીમાં ભારતના અંકૂસિતા બોરોએ

કઝાકિસ્તાનની ખેલાડીને 4-1થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. 71 કિલોગ્રામ વજન શ્રેણીમાં નિશાંત દેવે થાઇલેન્ડના ખેલાડીને 5-શૂન્યથી હરાવી ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

આ પહેલા અરુંધતિ ચૌધરીએ પણ 66 કિલોગ્રામ વજન શ્રેણીમાં જીત મેળવીને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવ્યું.

. . . . . . . . . . . . . . . . . .

## NATO FM

નાટોના સભ્ય દેશોના વિદેશ મંત્રીઓ યુક્રેનને સમર્થન આપવા અને આગામી જુલાઈ મહિનામાં અમેરિકામાં નાટો બેઠકની તૈયારીઓ અંગે ચર્ચા કરવા પેરાગ્વેમાં બે દિવસીય અનૌપચારિક બેઠક યોજશે.

ચેક રિપબ્લિકના પ્રધાનમંત્રી પેટ્ર ફિઆલા સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં નાટોના સેક્રેટરી જનરલ જેન્સ સ્ટોલ્ટનબર્ગે આ બેઠક દરમિયાન નાટોના સંરક્ષણને મજબૂત બનાવવું, સાથીઓની ભાગીદારીને વધુ ગાઢ બનાવવી અને યુક્રેન માટે સમર્થન વધારવા જેવા ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવાશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . .